રે.દી.મુ.નં. : ૦૯/૨૦૨૦

**-: આંક-૧ લગત હુકમ :-**

આજ રોજ ની નેશનલ લોક અદાલતમાં વાદી દ્વારા રજુ થયેલ આંક-૧૧૧ ની સમાધાન સબબ દાવો પાછો ખેંચી લેવાની પુરશીસ વંચાણે લીધી.

વાદી ની પુરસીસ વંચાણે લેતાં આ કામના વાદી તથા પ્રતિવાદીને આગેવાનોની હાજરીમાં સમાધાન થયેલ હોય અને સમાધાન અંગેનું લખાણ નોટરી સમક્ષ નોંધવામાં આવેલ હોય અને વાદીને તેનો હક્ક અધિકાર હિસ્સો મળી ગયેલ હોય અને સમાધાન કબુલ મંજુર હોવાનું જણાવી રાજીખુશીથી સમાધાન થયેલ હોય અને વાદી પ્રતિવાદી વચ્ચે કોઇ વિવાદ રહેતો ન હોય અને દાવો આગળ ચલાવવા માંગતા ન હોય અને દાવો પાછો ખેંચી લેતા હોવાનું જાહેર કરતા વાદીની સદર પુરસીસ ના આધારે હાલ નું કામ વાદીની સમાધાન સબબ દાવો પાછો ખેંચી લેવાની પુરસીસથી આથી ફેંસલ જાહેર કરવામાં આવે છે.

સદર દાવો વાદીની સમાધાન સબબ દાવો પાછો ખેંચી લેવાની પુરસીસથી ફેસલ થતો હોય પેન્ડીંગ તમામ સાધનિક અરજીઓ પણ આથી ફેંસલ જાહેર કરવામાં આવે છે.

પક્ષકારોએ પોત પોતાનું ખર્ચ જાતે ભોગવવુ.

નિયમાનુસાર નું કોર્ટફી રીફંડ સર્ટીફીકેટ વાદીના નામનું ઇસ્યુ કરવું.

**હુકમ આજરોજ તારીખ : ૧૧ મી, માહે જુલાઇ , સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : જામજોધપુર.

( એન.આર.ગોહેલ )
પ્રિન્સીપાલ સીવીલ જજ , જામજોધપુર.
જજ કોડ : જીજે-૦૧૫૮૪.

તારીખ : ૧૧-૦૭-૨૦૨૬.